JD_22629

## –::જાહેરનામુ::–

**ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક:જી/સીપી/ડી.સી.પી.–ક્રાઈમ/જાહેરનામું/૯૦૯/૨૦૨૦
પોલીસ કમિશ્નરની કચેરી,
વડોદરા શહેર. તા.૨૩/૧૧/૨૦૨૦

**હુકમ :–**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે અને શહેરમાં મિલ્કત સબંધી/શરીર સબંધી/અન્ય પ્રકારનાં બનતા ગુનોઓનું પ્રમાણ ઘટાડી શકાય અને બનેલ ગુનાઓ શોધી શકાય તે હેતુથી તેમજ ઈન્ટેલીજન્સ બ્યુરો તરફથી વખતો–વખત આંતકવાદી પ્રવૃતિઓ સબંધમાં મળતા ઈનપુટો અંગે આંતકવાદીઓ/દેશ વિરોધી પ્રવૃતિ કરતા અસામાજીક સંગઠનો ધ્વારા શહેરની શાંતી/સલામતીને હાની પહોચાડે નહી અને આ પ્રકારની અસમાજીક પ્રવૃતિઓ ઉપર જરૂરી નજર રાખી શકાય તે હેતુથી તકેદારીનાં ભાગ રૂપે શહેરમાં આવેલ જુદી–જુદી જાહેર જગ્યાઓ ઉપર પુરતા પ્રમાણમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું આર.બી.બ્રહમભટ્ટ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ લગ્ન તથા સામાજીક પ્રસંગો યોજાતા તમામ પાર્ટી પ્લોટો/અતિથીગૃહો કે જયાં જાહેર જનતા સામાજીક પ્રસંગોનું આયોજન કરે છે તેવા તમામ પાર્ટી પ્લોટ બીલ્ડીગનાં અંદરનાં તેમજ બહારનાં ભાગે તથા શહેરમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો ,ગેસ ફીલીંગ સ્ટેશનો વાળી તમામ જગ્યાનાં સમગ્ર એરીયા આવરી લે તે રીતેનાં તથા શહેરમાં આવેલ તમામ બેન્કો/ગેર બેન્કીગ સંસ્થાઓ, કિંમતી ઝવેરાત વેચનાર/ રાખનાર દુકાનદારો, શહેરમાં આવેલ જી.એસ.એફ.સી., જી.એ.સી.એલ., હેવી વોટર પ્લાન્ટ, ઓ.એન.જી.સી., રીલાયન્સ તથા તમામ પ્રાઈવેટ કંપનીઓ, શોપીગમોલ, મલ્ટીપ્લેક્સ, થીયેટરો, શોપીગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલ, રેસ્ટોરન્ટ, ફાસ્ટફુડ પાર્લર, ગેસ્ટ હાઉસ, લોજીગ, બોર્ડીગ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહો, બહુમાળી બિલ્ડીગો, રહેણાક સોસાયટીઓ/બિલ્ડીગો તેમજ મોટા ધાર્મિક સ્થળોએ તથા શહેર કાર્યક્ષેત્રમાં આવેલ તમામ ટોલનાકા વિગેરે તમામ સ્થળોનાં વહીવટકર્તા/ ઉપભોક્તાઓ / માલિકોએ પુરતા પ્રમાણમાં પોત–પોતાનાં બિલ્ડીગ / વિસ્તારનો સમગ્ર ભાગ આવરી લે તે રીતેનાં હાઈડેફીનેશન /નાઈટ વિઝન ધરાવતાં સી.સી.ટીવી કેમેરા મુકવા /રાખવા માટે આદેશ કરવામાં આવે છે.

### "સી.સી.ટીવી કેમેરા લગાડવાનાં નિયમો"

(૧) તમામે સી.સી.ટીવી કેમેરાનું બેક–અપ/રેકોડીગનો સંગ્રહ ઓછામાં ઓછા ૩૦ દિવસ (ત્રીસ દિવસ) સુધી રાખવાનું રહેશે.

(૨) ઉપરમાં જણાવેલ તમામ જગ્યાનાં વહીવટકર્તા/ઉપભોકતાઓ/માલિકોએ સી.સી.ટીવી કેમેરા સતત ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) દરેક જગ્યાની અંદરનાં/બહારનાં ભાગે, બેઝમેન્ટ/ભુતલ પાર્કીગ એરીયા, તથા પ્રવેશ કરવાનાં અને બહાર નિકળવાનાં વિસ્તારમાં અવર–જવર કરતા તમામ માણસો અને વાહનોને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતનાં પુરતા પ્રમાણમાં કેમેરા લગાડવા.

(૪) રાત્રીનાં સમયે પણ સી.સી.ટીવી કેમેરાનું રેકોર્ડીગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતનાં નાઈટ વિઝન અથવા–આઈ.આર.હાઈડેફીનેશન કેમેરા લગાડવાનાં રહેશે અને જરૂરી પ્રકાશ(લાઈટીગ)ની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) સી.સી.ટીવી કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર.જયારે પણ અધિકૃત–અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તે માટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલીફોન સંપર્ક ઉપર સતત હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

### – : અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :–

આ હુકમનો અમલ તા.૨૫/૧૧/૨૦૨૦નાં ક.૦૦/૦૦ થી તા.૨૩/૧/૨૦૨૧ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતનાં ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

(પાછળ)

આજ તા.૨૩/૧૧/૨૦૨૦ નારોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર, વડોદરા

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરાવવા સારૂ..)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ.
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી, જાણ તથા વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી સારૂ.
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>જય ભારત સહ નકલ રવાના</u> :–

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, 'ક્રાઈમ અને ટ્રાફીક', વડોદરા શહેર, વડોદરા.
(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી , વડોદરા રેન્જ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા. સોલારોડ અમદાવાદ.
(૮) જેલ અધિક્ષકશ્રી, વડોદરા સેન્ટ્રલ જેલ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ મેજી.શ્રી, કોર્ટ, વડોદરા.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.શ્રી કોર્ટ, વડોદરા.
(૧૨) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૪) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૬) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પો.ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.
(૧૭) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૮) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ, વડોદરા. (ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરવા સારુ).
(૧૯) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.) વડોદરા રીજીયન વડોદરા.
(૨૦) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૧) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૨) સંયુકત માહિતી નિયામકશ્રી, વડોદરા.

**૨/– સ્થાનિક વર્તમાનપત્રો તેમજ ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી કરવા વિનંતી સહ.**